**ફોજદારી કેસ નં.**

**<u>-:: આંક- ૧ નીચે હુકમ ::-</u>**

આ કામના આરોપી સામે જુગાર ધારા કલમ-૧૨(અ)મુજબના ગુનાનું ચાર્જશીટ તથા સાથેના પેપર્સ આરોપીને વિના મુલ્ય પુરા પાડી આરોપનો સારાંશ જણાવી આરોપીની પ્લી લેવામાં આવતા આરોપીને પોતાનો ગુન્હો કબુલ હોવાની રજુઆત કરી તે મતલબની સ્વૈચ્છીક કબુલાત પુરસીસ આ કામે રજુ કરેલ છે. આરોપી સામેના આક્ષેપિત ગુન્હાનો પ્રકાર, ગુન્હાની ગંભીરતા, થઈ શકતી સજાનું પ્રમાણ, આરોપીની સામાજીક-આર્થિક જવાબદારીઓ ધ્યાને લેતાં અને નામદાર ગુજરાત વડી અદાલત દવારા ૨૦૦૫(૧) જી. એલ. આર. પાના નં.૭૦૯ નટવરચંદ હીરાચંદ ઠાકોરના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં તેમજ નામ. ગુજ. વડી અદાલત દવારા શ્રી સરકાર વિરૂધ્ધ રાજેશકુમાર રતનલાલ સિંધી ફોજદારી અપીલ નં. ૯૧૮/૧૯૯૦ નો હુકમ ધ્યાને લેતાં આરોપીને હળવી સજા કરવા વ્યાજબી અને ન્યાયિક જણાતું હોય, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે:

**<u>-:: હુકમ ::-</u>**

આ કામના દરેક આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૫૨ મુજબ **જુગાર ધારા કલમ-૧૨(અ)** ના ગુન્હામાં કસુરવાર ઠરાવીને **રૂ.૨૦૦/-** અંકે રૂપીયા **બસ્સો** પુરાનો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડની રકમ ભરવામાં આરોપી કસુર કરે તો ૦૨ દિવસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે અગાઉ કરાયેલ મુદ્દામાલનો વચગાળાનો હુકમ કાયમી કરવામાં આવે છે તેમજ મુદ્દામાલ પાવતી મુજબનો અન્ય વેલ્યુએબલ મુદ્દામાલ/રોકડ રકમ સરકાર ખાલસા કરવી તથા નોનવેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૨ , માહે- નવેમ્બર , સને-૨૦૨૨ ના રોજ લોક અદાલતની સ્પે. સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : વડનગર.
તારીખ: ૧૨ / ૧૧ /૨૦૨૨

(અલ્પા પ્રભુદાસ કડીવાર)
જયુડી.મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
વડનગર.
(જજ કોડ નં.જીજે-૦૧૫૫૪)